**રે.મુ.નં.૧૩/૨૦૧૨**

**આંક–૫૨ લગત હુકમ**

**(૧)** વાદી તર્ફે હાલની આ અરજી આપી અરજ કરેલ છે કે, સદર કામના વાદી નરેન્દ્રસિંહ હરીસીહ દાજીબાવા ગોહીલ નાઓ તા.૨૫/૧૦/૧૮ ના રોજ મરણ ગયેલ છે અને તેઓએ નામદાર કોર્ટમાં રે.મુ.નં.૧૩/૧૨ થી હાલનો દાવો કરેલ છે. વાદી અભણ બાઈ માણસ છે અને તેઓની દીકરીઓની સાદી થઈ ગયેલ છે તેમજ આ કામના મુળ વાદી તેઓના પતિ થતા હોય તેઓના મરણ બાદ સામાજીક અને ધાર્મિક રીત રીવાજ મુજબ હાર નીકળી શકેલ નહી જેથી તેઓના મરણ ગયા બાદ દાવાના કામે આગળની કાર્યવાહી કરવાની જાણકારી ન હોય તેમજ કાયદાથી અજ્ઞાન હોય વાદીના વારસોને જોડવા માટે સમયસર કાર્યવાહી કરી શકેલ નથી. વાદીને મુળ વાદીના વારસો જોડવા માટેની હકીકત તેઓના વકીલરીએ જણાવતા વાદી નરેન્દ્રસિંહ હરીસીહ દાજીબાવા ગોહીલના મરણના દાખલાની તથા પેઢીનામાની કાર્યવાહી કરેલ આ બધી કાર્યવાહી કરવામાં સમય લાગેલ છે. તેમજ તેઓની દીકરીઓ પણ અલગ અલગ જગ્યાએ રહેતી હોય સમય મર્યાદામાં આ બધી કાર્યવાહી કરી શકેલ નથી અને ૯૪ દિવસનો ડલે થયેલ છે. વાદી અભણ માણસ હોય કાયદાની અજ્ઞાનતાને કારણે વારસો જોડવામાં ડીલે થયેલ છે પરંતુ આ સાથે આપેલ સુધારા અરજીને ટેકનીકલ બાધ ન નડે તેવા આસયથી અને શુધ્ધબુધ્ધીથી હાલની ડીલે અરજી કરવાનું કારણ સદર કામના વાદી તેણીના પતિ થતા હોય અને તેઓએ આ કામે માહીતગાર વકીલ રોકેલા હતા પરંતુ તેઓ સાથે સંપર્ક ન હોવાના કારણે વાદી ગુજરી ગયા બાદ દાવાના કામે આગળની કાર્યવાહીની જાણકારી ન હતી. પરંતુ વકીલ સાહેબે તેઓને આ બાબતે જાણકારી આપતા હાલમાં વાદીના વારસો જોડવાની સુધારા અરજી આપેલ હોય તેને ટેકનીકલ બાધ ન આવે તેવા કારણોસર શુધ્ધબુધ્ધીથી હાલની ડીલે અરજી આપેલ છે. સદર ડીલ અરજી મંજુર કરવામાં ન આવે તો વાદીના વારસોને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ મોટુ નુકશાન થાય તેમ છે જેથી સદર ડીલે અરજી મંજુર કરવા અરજ કરેલ છે આ કામના વાદીના વારસદારો અલગ અલગ નામ સરનામે રહેતા હોય અને તેઓ પણ

દાવાની હકીકતથી અજાણ હોય દાવાના કામે તેઓના વારસો જોડવાની કાર્યવાહીમાં ડીલે થયેલ છે જેથી હાલની ડીલે અરજી આપી અરજ ગુજારેલ છે કે, ઉપરોકત હકીકત ધ્યાને લઈ વાદીએ દાવાના કામે પક્ષકારો જોડવા માટેની અરજી દાખલ કરેલ છે અને તે કામે ૯૪ દિવસનો વિલંબ થયેલ હોય તે વિલંબ ઉપરના કારણોસર માફ કરી પક્ષકારો જોડવાની અરજીને દાખલ કરતો યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) સદર કામે વાદી ધ્વારા હાલની આ અરજી આપતા પ્રતિવાદી ઓ ધ્વારા કોઈ જવાબ રજુ રાખવામાં આવેલ નથી.

(૩) ત્યાર બાદ વાદી તર્ફે વિ.વ.શ્રી એમ.વાય.પટેલની વિસ્તારપુર્વકની મૌખિક દલીલો સાંભળવામાં આવે છે જેમાં તેઓ જણાવે છે કે, લીમીટેશન એકટ મુજબ ગમે તે સ્ટેજે હાલની અરજી આપી શકાય.જે તે સમયે શરતચુકથી અરજી આપવાની રહી ગઈ. વધુમાં પાછળથી આવી કોઈ અરજી આપી શકાય નહી તેવી કાયદામાં જોગવાઈ નથી. આ કામે વારસો જોડવાની અરજી પેન્ડીંગ છે. જો અરજી મંજુર કરવામાં ન આવે તો વાદીને ખુબ જ નાણાકીય નુકશાન થાય તેમ છે અને ઘણા બધા લીટીગેશનમાં ઉતરવુ પડે તેમ છે જેથી અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪) ત્યાર બાદ પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી જે.એચ.કાદરીની મૌખિક દલીલો વિસ્તારપુર્વક સાંભળવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, વાદી ગુજરી ગયા બાદ દિન–૯૦ માં અરજી દાખલ કરવી પડે અને તે સમય પછી દાખલ કરે તો એબેટમેન્ટ સેટઅસાઈડની અરજી કરવી પડે અને ત્યાર બાદ ડીલે કોન્ડોનની અરજી આપવી પડે. પરંતુ વાદીએ આવી કોઈ જ અરજી આપેલ ના હોય અને પાછળથી હાલની આ અરજી આપેલ હોય સી.પી.સી.ની જોગવાઈનું પાલન કરેલ ના હોય અને અમારો જવાબ રજુ થઈ ગયા બાદ ખોટી રીતે હાલની અરજી આપેલ હોય રદ કરવા વિનંતી કરેલ છે.

(૫) ઉપર મુજબની ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લીધી તથા સમગ્ર રેકર્ડ વંચાણે લીધુ. અહી એ નોધવુ જરુરી છે કે, હાલની આ અરજી આપતા પહેલા વાદીએ આંક–૪૭ થી વારસો રેકર્ડ પર લાવવા બાબતની અરજી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે અને જે સાંભળવાના સ્ટેજે પેન્ડીંગ છે. વિલંબ માફ કરવાની અરજીમાં વાદી તર્ફે

જણાવેલ કારણો વ્યાજબી જણાય છે. તે સંજોગોમાં જો માત્ર વિલંબ માફની અરજી પાછળથી રજુ કરેલ છે તેટલા કારણ થી વાદીનો દાવો રદ કરવામાં આવે તો વાદીને અન્યાય થાય તેમ છે. વધુમાં નામદાર હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા તેઓના અનેક ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, દાવાનો યોગ્ય ન્યાય નિર્ણય થઈ શકે તે માટે યોગ્ય અને સંતોષ જનક કારણ હોય તો શકય હોય ત્યાં સુધી પક્ષકારોને દાવાના મેરીટ પર રજુઆત કરવાની વ્યાજબી અને ન્યાયીક તક મળવી જોઈએ.

વધુમાં મેસર્સ મોહત્તા બ્રધર્સ વિરુધ્ધ શેઠ ચતુરભાઈ ચીમનલાલ અને બીજાઓ.. એ.આઈ.આર.૧૯૮૨ ગુજરાત ૯૬, ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, The Court must take a liberal view and should not be overstrict or highly technical while deciding such application. આમ, ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ પણ વાદીની હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાય છે.જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

વાદીની હાલની આંક–પર ની અરજી આથી મંજુર કરવામાં આવે છે અને વાદીને વારસો જોડવામાં થયેલ વિલંબ માફ કરી પક્ષકારો જોડવાની અરજી રેકર્ડ પર લેવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

ઉપરોક્ત હુકમ આજ તા.૧૪ મી, માહેઃ ઓગષ્ટ, સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

**તા.૧૪–૦૮–૨૦૧૯**
**વાગરા.**

**(સાગરકુમાર શાંતિલાલ પ્રજાપતિ)**
**પ્રિન્સીપાલ સીવીલ જજ,**
**વાગરા GJ01482**